# શ્રી ગુણાતીત દીક્ષાદિન : પરમ સાધુતાની પૂર્ણિમા !

જાન્યુઆરી મહિનાની ૩જી તારીખ, ૨૦૨૬, વિક્રમ સંવત ૨૦૮૨ની પોષ સુદી પૂર્ણિમા. શ્રી મૂળજી શર્મા રૂપે પ્રગટ થયેલા અનાદિ મૂળ અક્ષરમૂર્તિનો શ્રી ગુણાતીતાનંદ સ્વામી સ્વરૂપે ભાગવતી દીક્ષાદિન. આ પૃથ્વી પરના અનેક મહામંગલકારી દિવસોમાંનું એક પરમ પ્રેરણાદાયી મહાપર્વ ! ગુણાતીતાનંદ એ કોઈ મનુષ્યનું નામમાત્ર નથી, એ તો એક પરમ દિવ્ય ભાવ છે, એક એવી અખંડ આનંદની અવસ્થા છે જે ગુણાતીત છે – સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણેય ગુણોથી પરની દિવ્ય સ્થિતિ છે, પરબ્રહ્મ તત્ત્વ ધારક શાશ્વત અસ્તિત્વ છે. તેથી જ, ગુરુહરિ સાહેબદાદા અનેક વખત પોતાની પરાવાણીમાં કહે છે કે સ્વયં શ્રીજી મહારાજનો સંકલ્પ છે કે, ‘ભગવાનનું ધામ ગુણાતીત છે, ને સૌને ગુણાતીત કરવાં છે !’

૬૦ વર્ષ પહેલાં ૧૯૬૬ની ૧૪મી મેના દિવસે અમદાવાદ સ્થિત મંદિરમાં પોતાના ઓરડામાં બ્રાહ્મમુહૂર્તે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે ૨૬ વર્ષના યુવાન જશભાઈ (ગુરુહરિ સાહેબજી)ને શ્રીજી મહારાજના એ જ સંકલ્પની આજ્ઞા રૂપ મંત્રદીક્ષા આપતાં પરભાવમાં આવીને કહ્યું, “તમારાં સૌનાં હૃદય ભગવાં કરવાં છે !” ૨૦૨૬ની આ પોષીપૂર્ણિમાએ ભગવા હૃદયના સાધુરૂપે પરમ સાધુતાની એ પૂર્ણિમાને આપણે સૌ શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા મહોત્સવની હીરક જયંતી રૂપે ઉમંગથી વધાવી રહ્યાં છીએ. “તમારાં સૌનાં હૃદય ભગવાં કરવાં છે” – બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના શ્રીમુખે પ્રગટ થયેલી આ આધ્યાત્મિક ઉત્ક્રાંતિ આણનારી પરાવાણી કેવળ જશભાઈ (ગુરુહરિ સાહેબજી) અને તેઓના સહાધ્યાયી આઠ મિત્રો (આપણા મૂળ આઠ સદ્‌ગુરુ સંતો) માટે જ હતી તેવું નથી. આજે તો એ વાત સ્ફટિકથી પણ વધારે સ્પષ્ટ થઈ છે કે, યોગીજી મહારાજે આપેલી એ આજ્ઞારૂપી મંત્રદીક્ષા તો સ્વયં શ્રીજી મહારાજના ‘ભગવાનનું ધામ ગુણાતીત છે ને સૌને ગુણાતીત કરવા છે’ તે સંકલ્પના જુદા શબ્દોમાં સ્પષ્ટ પુનઃ ઉચ્ચારણ જ છે.

તેથી, આપણે સૌ – પછી કોઈ પણ સંસ્થામાં કે જીવનના કોઈ પણ આશ્રમમાં હોઈએ, જો બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના શિષ્ય હોઈએ તો, આપણા સૌના ગુરુદેવ યોગીજી મહારાજની આપણને સૌને આજ્ઞા રૂપી આ જ મંત્રદીક્ષા છે કે, આપણાં સૌનાં હૃદય ભગવાં કરવાં છે. તો, શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષાના આ હીરક જયંતી વર્ષે આપણે સૌ ગુરુદેવ યોગીજી મહારાજના શિષ્યો સંકલ્પબદ્ધ થઈએ કે, ભગવાનના બળે અને ભગવાનની રીતે, ભગવાનના પ્રગટ સ્વરૂપ આપણા ગુરુહરિને રાજી કરવા ગુરુદેવ યોગીજી મહારાજનો આ મંત્રદીક્ષા રૂપી ગુરુમંત્ર ‘આપણું હૃદય ભગવું કરવું છે’ તેને શેષ જીવનપર્યંત આપણાં વિચાર, વાણી અને આચરણનાં સહજ અને અભિન્ન અંગ બનાવી જીવીએ.

ગુરુદેવ યોગીજી મહારાજના એ મંત્રદીક્ષા રૂપ ગુરુમંત્રને સાકાર કરવા આપણી જીવનશૈલી કેવી હોય ? આ પ્રશ્નનો ઉત્તર પણ સ્વયં યોગીજી મહારાજે જ એક પ્રસંગે સહજ પરાવાણી ઉચ્ચારતાં આપ્યો. તેઓએ કહ્યું, “ગુરુની આજ્ઞાનું પાલન એ જ ગુરુનું સાચું દર્શન !” ગુરુનું દર્શન એ કોઈ શારીરિક ક્રિયા નથી. નરી આંખે મનુષ્યરૂપમાં ગુરુને નિહાળવા એ જ માત્ર ગુરુનું દર્શન નથી. ગુરુદર્શનનો આધ્યાત્મિક મર્મ એ છે કે, સ્વયં પોતાના આત્મામાં અખંડ ગુરુનું દર્શન કરવું, પોતાના આત્માને ગુરુરૂપ માનવો અને એમ સ્વયં સંપૂર્ણરૂપે ગુરુસ્વરૂપમાં વિલીન થઈ જવું. આ ગુરુદર્શન માટે કોઈ સરળતમ્ માર્ગ અને જીવનશૈલી હોય તો તે છે – ગુરુની આજ્ઞાનું યથાર્થ પાલન.

ગુરુદેવ યોગીજી મહારાજના એ મંત્રદીક્ષા રૂપ ગુરુમંત્રને સાકાર કરવા આપણો જીવનમંત્ર શો હોય – જે આપણા માટે સતત પ્રત્યેક વિચાર, વાણી, વર્તનમાં આપણો માર્ગદર્શક હોય ? આ પ્રશ્નનો ઉત્તર પણ સ્વયં યોગીજી મહારાજે જ આપ્યો છે. તેઓએ કહ્યું, “અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરવો એ આપણી ભક્તિ છે.” આ ગોકીરો કરવા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના આપણા જીવનઆચરણમાં હોય તે અનિવાર્ય છે. મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન મારા જીવનમાં સર્વોપરી છે, તેઓ જ કર્તા–હર્તા છે અને મારા પરમ હિતકારી છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પરબ્રહ્મ તત્ત્વ આ પૃથ્વી ઉપર ગુણાતીત સાધુ રૂપે સદાય સાકાર છે. આવા ગુણાતીત સાધુ મને મારા ગુરુહરિ સાહેબજી રૂપે પ્રગટ મળ્યા છે. પ્રગટ ગુરુહરિમાં સમ્યક અને અખંડ નિર્દોષભાવ સાથે તેઓને રાજી કરવાની એકમાત્ર લગની સાથે પ્રભુના સંબંધવાળાં સૌ પ્રત્યે નિર્દોષબુદ્ધિ રાખી, સંપ, સુહૃદભાવ અને એકતાને દઢપણે આચરણમાં ઉતારી, ગુરુની આજ્ઞા પ્રમાણે નિરપેક્ષભાવે અને ફરિયાદ કર્યા વિના સૌની સેવા કરવી. આપણી ઉપાસનાના આ પાંચેય સિદ્ધાંતો આપણા જીવન આચરણમાં હોય ત્યારે આપણું આચરણ જ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ગોકીરા સહજ રીતે કરે.

શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષાના હીરક મહોત્સવ પ્રારંભે, પરમ સાધુતાની આ પોષીપૂર્ણિમાએ ગુરુદેવ યોગીજી મહારાજના મંત્રદીક્ષા રૂપી ગુરુમંત્રને તેઓએ ચીંધેલી જીવનશૈલી અને નિર્દેશ કરેલા જીવનમંત્રનાં સહજ આચરણ દ્વારા આપણે આપણા જીવનમાં સિદ્ધ કરીએ તેવી શ્રી ઠાકોરજી મહારાજના અને પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના ચરણોમાં મંગલ પ્રાર્થના ! ◆

~ સાધુ મનોજદાસ